


# નેપાળમાં ભયંકર ભૂકંપ

## 1500થી વધુના મોત

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૪૬ | ૨૬ એપ્રિલ, ૨૦૧૫, રવિવાર ; વૈશાખ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ૭.૯ની તીવ્રતાના ભૂકંપથી ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી : હજારો ઘાયલ : હોસ્પિટલો ઇજાગ્રસ્તો અને મૃતકોથી હાઉસફુલ થઇ : બચાવ અને રાહત કામગીરી યુદ્ધ સ્તરે જારી : ધાર્મિક-ઐતિહાસિક સ્થળો ધરાશાયી



કાઠમંડુ,તા. ૨૫

નેપાળમાં વિનાશકારી ભૂકંપના કારણે આજે ઓછામાં ઓછા ૯૦૦ લોકોના મોત થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી હતી. એક પછી એક આંચકાઓના કારણે સમગ્ર નેપાળ હચમચી ઉઠ્યું હતું. પ્રથમ આંચકો ૭.૯ની તીવ્રતાનો અનુભવયા બાદ પણ એક પછી એક ઉંચી તીવ્રતાના આફ્ટરશોક્સનો દોર જારી રહ્યો હતો જેના પરિણામ સ્વરુપે નેપાળમાં ભારે તબાહી થઈ હતી. સેંકડો ઈમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. હજારો લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોને હોસ્પિટલમાં ખસેડવમાં આવ્યા હતા. નેપાળના ઈતિહાસમાં આ ભૂકંપને સૌથી વિનાશકારી ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. નેપાળમાં દૂરસંચાર અને વિજળી સેવા સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. ઈમારતો અને ધાર્મિક સ્થળો ધરાશાયી થઈ ગયા હતા. સાથે માર્ગોમાં પણ મોટી તિરાડો પડી ગઈ હતી જેથી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. શરૂઆતી અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર નેપાળમાં પોખરાથી ૮૦ કિલોમીટરના અંતરે હતું. ધરા ધ્રુજી જવાની શરૂઆતની સાથે જ લોકો જાન બચાવવા માટે અફડાતફડીમાં ભાગ્યા હતા. બેથી ત્રણ મિનિટ સુધી પ્રચંડ આંચકો લોકોએ અનુભવ્યો હતો. ભૂકંપના એક પછી એક આંચકાના કારણે લોકો ઘરની બહાર જ રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગરના ત્રણ તબીબો કાઠમંડુમાં હેમખેમ

### કાઠમંડુમાં યોજાયેલી પીડીયાટ્રીશીયનોની કોન્ફરન્સમાં હાજરી આપવા ગયેલા નગરના બાળરોગ નિષ્ણાંતો ડો. રાજન દોશી, ડો. રૂપલ દોશી અને ડો. અંકિત પટેલ કાઠમંડુમાં સહીસલામત

ગાંધીનગર, તા. ૨૫

નેપાળમાં આવેલા જબરજસ્ત ભુકંપમાં જાનમાલના નુકસાનના સમાચારો વચ્ચે ગાંધીનગર માટે રાહતના સમાચાર એ છે કે બાળ નિષ્ણાત તબીબો માટે કાઠમંડુમાં યોજાયેલી કોન્ફરન્સમાં ભાગ લેવા ગયેલા ગાંધીનગરના ત્રણ તબીબો હેમખેમ અને સહીસલામત છે. ગાંધીનગરના જાણીતા પીડિયાસ્ટ્રીશ્યન ડૉ. રાજન દોશી, ડૉ. રૂપલ દોશી અને ડૉ. અંકિત પટેલ ગઈકાલે કાઠમંડુ પહોંચ્યા હતા અને ત્યાં આજે શનિવારે યોજાઈ રહેલી કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા હતા. ત્યારે જ ભૂકંપ આવ્યો હતો. કોન્ફરન્સમાં ભાગ લેનાર ૨૮ તબીબો તુરંત જ બહાર દોડી ગયા હતા અને પોતાનો જીવ બચાવ્યો હતો.

ગાંધીનગર સમાચાર સાથે ટેલીફોનીક વાતચીત કરતા ડૉ રાજન દોશીએ જણાવ્યુ કે આજે સવારે તેઓ અન્ય ૨૮ તબીબો સાથે કોન્ફરન્સમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે જ ભૂકંપનો જબરજસ્ત આંચકો આવતા કોન્ફરન્સ હોલનો ઝુમ્મર પડ્યો અને હોલની પાછળની તરફનો સ્લેબ પડતા સૌ ગભરાઈ ગયા હતા અને કોન્ફરન્સ હોલની બહાર દોડી ગયા હતા. પ્રથમ માળે આવેલા હોલની બહાર નીકળી તેઓ સૌ પ્રથમ લોબીમાં પહોંચ્યા હતા અને ભૂકંપના આંચકા ચાલુ હતા તે દરમ્યાન જ તેઓ અન્યોની સાથે દોડીને સીડીઓ ઉતરી ખુલ્લા મેદાનમાં પહોંચી ગયા હતા. જ્યાં તેઓ સાંજ સુધી રહ્યા હતા. બપોરે અઢી ત્રણ વાગ્યા સુધી સતત ધરતી હલતી રહી હતી. અને વારંવાર આફ્ટર શોક આવતા રહ્યા હતા. જાણે

● અનુસંધાન પાન-૭ પર



### એ.બી. જ્વેલ્સ વાળા મનોજ સોની અને જયશ્રી સોની એવરેસ્ટ બેઝ કેમ્પમાં સલામત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમના શુભેચ્છક અને અમદાવાદના જાણીતા જ્વેલર્સ એ.બી. જ્વેલ્સના શ્રી મનોજ સોની અને તેમના પત્ની શ્રીમતી જયશ્રી સોની એવરેસ્ટ બેઝ કેમ્પમાં ભાગ લેવા ચાર દિવસ પહેલા પહોંચ્યા હતા. આજે ધરતીકંપને કારણે કેમ્પમાં ભારે દોડધામ મચી હતી. જોકે મનોજભાઈ અને તેમના પત્ની સહીસલામત છે.

કર્ણાવતી દાંતની હોસ્પિટલ

KARNAVATI SCHOOL OF DENTISTRY

રાહત દરે દાંતની સારવાર

કેસ ફી – મફત, દાંત પાડવાના – મફત, દાંતની દવાઓ મફત

હેન્ડ સ્કેલીંગ – મફત, દાંત મશીનથી સાફ કરવાના રૂા.૮૦/–, દાંતમાં ચાંદી પુરવાની – મફત.

દાંતના મુળની સારવાર (આર.સી.ટી.) રૂ.૩૫૦/–, આખું ચોકઠું રૂ.૨૫૦/–

ઈમ્પ્લાન્ટ રૂ. ૬,૫૦૦/– (પર ઈમ્પ્લાન્ટ), વાંકાચુકા દાંતની સારવાર (૮૦૦૦ થી શરૂ)

બી.પી.એલ. કાર્ડ ધારકોને દાંતની ઘણી સારવારો તદ્દન મફત (શરતો લાગુ*)

અમારે ત્યાં ઓરલ સર્જરી વિભાગમાં ઓપરેશન થિયેટરમાં દાંત, મોં અને જડબાને લગતા ઓપરેશન રાહત દરે કરવામાં આવશે.

ગાંધીનગરથી (ખ)રોડ, (ગ)રોડ, (ઘ)રોડ, પથિકાશ્રમ થી ઉવારસદ દાંતની હોસ્પિટલ આવવા-જવા માટે, સોમ થી શનિ મફત બસ વ્યવસ્થા - સંપર્ક:- ૮૮૬૬૦ ૯૬૮૦૫

કર્ણાવતી દાંતની હોસ્પિટલ - ઉવારસદ

અડાલજ-વાવોલ પાસે, તા. જી. ગાંધીનગર. ફોન-૦૭૯ ૨૩૯૭૦૨૯૪, ૨૩૯૭૦૨૯૫

સમય: નવા કેસ માટે સવારે ૮.૩૦ થી ૧.૩૦ સુધી (રવિવારે રજા)

*શરતોને આધીન

સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડે જોઈએ છે

3-BHKનું સ્વતંત્ર મકાન / ટેનામેન્ટ ભાડેથી સારી કન્ડીશનવાળું, સારી લોકોલીટીમાં, પાર્કિંગ અને ગેસની સુવિધાવાળું જોઈએ. સેક્ટર-૭માં પ્રથમ પસંદગી, સે. ૬ અને ૮માં પણ ચાલે. ફક્ત માલિક સંપર્ક કરે

સંપર્ક : મો. ૯૯૨૪૩ ૭૭૯૯૯

અડાલજ જેવા સુવિકસીત એરીયામાં.....
આપણું પોતાનું ઘર.....



વિશેષ સુવિધા :
ક્લબ હાઉસ, હેલ્થ ક્લબ, વોકીંગ ટ્રેક,
બાળકો માટે ગાર્ડન તથા વડીલો માટે સીનીયર સીટીઝન કોર્નર

૧૦૦% લોન પેપર ઉપલબ્ધ

રેડી પઝેશન

devnandan parisar
2 bhk apartments

developer devnandan INFRASTRUCTURE PVT LTD

પાર્શ્વનાથ રોયલ રેસીડેન્સીની બાજુમાં, શ્રીનાથ રેસીડેન્સી બંગ્લોઝની પાછળ, અડાલજ પેટ્રોલ પંપની સામે, અમદાવાદ-કલોલ-મહેસાણા હાઈવે, અડાલજ, અમદાવાદ

*condition apply

A DREAM SHAPING INTO REALITY

Launching Today.

SHALVIK 2 HOMES
4 BHK Elite Bungalows

Just 2 Minutes Drive
From Kh Road And Sector 5



AMENTIES :
Children Play Area, Landscaped Garden, Children sand Pit, Party Lawn, Senior Citizen Sitting, Jogging Track, Security Cabin

Nearest Landmark From Shalvik Homes -2
* Mahatma Mandir
* Info City
* Gandhinagar Railway Station
* Gandhinagar Bus Stand
* Pathik Ashram
* Civil Hospital

Site Address :
Shalvik Homes 2
B/h, Shalvik Shukan,vavol - Uvarsad Road,
Vavol, Gandhinagar.

Contact :
+ 91 98250 18783 | + 91 98259 01656
+ 91 99099 26963

Project By :
Aakar Infrastructure



લેકાવાડા - LEKAWADA

OMKAR INTERNATIONAL SCHOOL

ADMISSION OPEN

કે.જી.થી ધોરણ : 1 થી 12
(11-12 કોમર્સ)

આધુનિક શિક્ષણ પધ્ધતિનો ઉપયોગ, વિદ્યાર્થીની અંગત કાળજી, એક વર્ગમાં ફક્ત 30 વિદ્યાર્થી, વિશાળ મેદાનો તથા અનેક પ્રકારની રમત – ગમત તેમજ એક્સ્ટ્રા એક્ટીવિટીઝ અને સ્માર્ટ ક્લાસના ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા

વિશેષ જાણકારી માટે અમારે ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓનો સંપર્ક કરવા વિનંતી.

ફોન નં. 7359040011, 7359040022
સમય : સવારે 7.55 થી બપોરના 1.35